# રાજ્યમાં નવા ૪૭૭ કેસ, ૩૧નાં મોત

## અમદાવાદમાં ૩૪૬ કેસ : ૨૪ દર્દીનાં મૃત્યુ : રાજ્યભરમાં કોરોના સંક્રમિતનો આંકડો ૨૦૫૭૪ થયો કુલ મૃતાંક ૧૨૮૦ પર પહોંચી ગયો : ૩૨૧ દર્દી સાજા

ગાંધીનગર,તા.૮

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૭૭ દર્દીઓ નોંધાયા હતા. આ સાથે કોરોનાથી સંક્મીત થવાનો આંકડો ૨૦૫૭૪ પર પહોંચ્યો છે. રાજ્યમાં વધુ ૩૧ વ્યક્તિઓના મોત વીતેલા ૨૪ કલાકમાં થતા કુલ મૃત્યુ ૧૨૮૦ થયા છે. અમદાવાદમાં આજે નવા ૩૪૬ કેસ નોંધાતા કુલ સંક્રમીતનો આંક ૧૪૬૩૧ પર પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૫૯ જણા વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. ૩૨૧ વ્યક્તિઓ સાજા થઈને ઘરે ગયા છે. ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વચ્ચે કોરોનાનો કેર યથાવત રહ્યો હતો. રાજ્યમાં નવા ૪૭૭ દર્દીઓ નોંધાયા હતા. જેમાં અમદાવાદમાં આજે ૩૪૬ કેસ સાથે ૨૪ દર્દીના મૃત્યુ પામ્યા હતા. આ અગાઉ એક દિવસમાં ૩૪૯ કેસનો વિક્રમ નોંધાયો હતો. આજે રાજ્યમાં ૩૨૧ દર્દીઓએ સાજા થયા કુલ સંખ્યા ૧૩૯૬૪ થતા ૧૪ હજારની આંકડા નજીક પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૩૧ વ્યક્તિઓના કોરોનાને લીધે મૃત્યુ થયા જેમાં અમદાવાદમાં ૨૪, સુરત અને ગાંધીનગરમાં ૨, સાબરકાંઠા, પંચમહાલ અને રાજકોટ ખાતે ૧ વ્યક્તિઓના મોત થયા હતા. આ સાથે મૃત્યુઆંક કુલ ૧૨૮૦ નોંધાયા છે.

રાજ્યમાં આજે ૫૯ દર્દી વેન્ટીલેટર પર અને સ્ટેબલ ૫૨૭૧ સાથે કુલ ૫૩૩૦ દર્દી પોઝિટિવ છે. અમદાવાદમાં ૩૪૬, સુરતમાં ૪૮, વડોદરામાં ૩૫, ગાંધીનગર, જુનાગઢ અને અરવલ્લીમાં ૪-૪, સાબરકાંઠા અને જામનગરમાં ૫-૫, સુરેન્દ્રનગરમાં ૬, નવસારી બનાસકાંઠા, ભરૂચ અને અન્ય રાજ્યમાં ૨-૨, ભાવનગરમાં ૩, મહેસાણા, કચ્છ, ગીરસોમનાથ અને અમરેલીમાં ૧-૧ નોંધાયા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લામાં ૨૧૦૪૩૮ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૦૩૬૨૬ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૧૮૧૨ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવે છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૪૬૩૧ | ૧૦૩૯ | ૧૦૧૩૦ |
| સુરત | ૨૧૪૬ | ૮૮ | ૧૪૧૨ |
| વડોદરા | ૧૩૨૮ | ૪૩ | ૭૯૭ |
| ગાંધીનગર | ૪૨૪ | ૧૮ | ૧૮૯ |
| ભાવનગર | ૧૪૩ | ૧૦ | ૧૦૭ |
| બનાસકાંઠા | ૧૪૪ | ૦૬ | ૧૦૧ |
| આણંદ | ૧૧૧ | ૧૧ | ૯૨ |
| રાજકોટ | ૧૩૧ | ૦૫ | ૭૭ |
| અરવલ્લી | ૧૨૫ | ૦૭ | ૧૧૨ |
| મહેસાણા | ૧૬૦ | ૦૭ | ૮૭ |
| પંચમહાલ | ૧૦૫ | ૧૨ | ૭૮ |
| બોટાદ | ૬૦ | ૦૨ | ૫૫ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૧૦૭ |
| ખેડા | ૯૧ | ૦૪ | ૬૦ |
| પાટણ | ૧૦૩ | ૦૭ | ૭૦ |
| જામનગર | ૬૬ | ૦૩ | ૪૩ |
| ભરૂચ | ૫૮ | ૦૪ | ૩૫ |
| સાબરકાંઠા | ૧૨૨ | ૦૪ | ૯૧ |
| ગીર-સોમનાથ | ૪૮ | ૦૦ | ૪૫ |
| દાહોદ | ૪૬ | ૦૦ | ૩૨ |
| છોટાઉદેપુર | ૩૭ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૯૦ | ૦૫ | ૬૬ |
| નર્મદા | ૨૩ | ૦૦ | ૧૮ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૫૫ | ૦૨ | ૨૮ |
| નવસારી | ૩૪ | ૦૧ | ૧૫ |
| જૂનાગઢ | ૩૬ | ૦૧ | ૨૭ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૬ |
| સુરેન્દ્રનગર | ૫૬ | ૦૨ | ૨૮ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૬ | ૦૧ | ૦૬ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૦૫૭૪ | ૧૨૮૦ | ૧૩૯૬૪ |

## આગામી સપ્તાહે શહેરમાં ધોધમાર વરસાદ પડશે

ગાંધીનગર, તા.૮

રાજ્યના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ પટેલે ગાંધીનગર સમાચાર સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલમાં પ્રિમોન્સુન એકટીવીટીએ જોર પકડયું છે ત્યારે ૧૦ જુન સુધીમાં અમદવાદ, ગાંધીનગર, ઉત્તર ગુજરાતના ભાગોમાં હજુ પણ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના રહેશે. આ ઉપરાંત જુન તા. ૧૧ થી ૧૭માં ચોમાસુ બળવત્તર બને અને ગુજરાત-સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં સારો વરસાદ થાય. કેટલાક ભાગમાં ભારે વરસાદ થવાની શકયતા છે. જુન તા. ૧૦થી ૧૨માં મુંબઈ-મહારાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ થવાની શકયતા છે. અરબસાગરનું વહન અને બંગાળના ઉપસાગરનું વહન સક્રિય થતાં ગુજરાતના ભાગોમાં તા. ૧૧ થી ૧૭માં દક્ષિણ-પશ્ચિમ મોન્સુન એકટીવીટી વધે પરંતુ નિયમિત ચોમાસાની હજુ વાર છે.

તા. ૧૪, ૧૫, ૧૬ જુનમાં પણ ગુજરાત સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં હળવાથી ભારે વરસાદ થવાની શકયતા છે. મૃગશિર્ષ નક્ષત્રમાં આ વરસાદ થતાં ઉગેલા કૃષિ પાકોમાં ખપેડી અને કાતરા પડવાની સંભાવના રહે. આ અંગે ખેડૂત ભાઈઓએ ઈષ્ટ પાક સંરક્ષણના પગલા લેવા સારા. શેઢા, પાળા અગાઉથી જ સ્વચ્છ કરી નાંખવા સારા, તા. ૨૧ થી ૨૫ જૂનમાં પણ વરસાદની શકયતા છે. ૨૦ જૂનથી જુલાઈની શરૂઆતમાં નિરનિરંતર ચોમાસાની શકયતા રહે. રેતાળ જમીનમાં કાતરા વધુ પડે. કાતરા પડે તે ભાગમાં હવામાન ટાઢોળુ પણ રાખે જેથી આ વખતે પ્રિમોન્સુ એકટીવીટીનો વરસાદ પણ વધારે થવાનો છે. અને નિમિત ચોમાસુ પણ સારું આવે.

તા. ૧૪, ૧૫, ૧૬ જૂનમાં માળવામાં થતું હવાનું દબાણ અરવલ્લીના ભાગો, સાબરકાંઠાના ભાગો, આરાસુર પર્વતના ભાગો, બનાસકાંઠાના ભાગો, પંચમહાલના ભાગો, ગાંધીનગર, મહેસાણા, અમદાવાદના ભાગો, સુરેન્દ્રનગરના ભાગો, ચોટીલા પર્વતના ભાગો, મધ્ય સૌરાષ્ટ્રના દરિયા કિનારા ભાગો, ગીર જૂનાગઢ, વેરાવળ તેમજ ભાવનગર, પોરબંદરના ભાગો, કચ્છના ભાગો આ ઉપરાંત ગીર જુનાગઢ, રાજકોટ, અમરેલી, બોટાદ વગેરે ભાગોમાં પણ સારો વરસાદ આવી શકે. સાપુતારના ભાગો, આહવા ડાંગ, વલસાડના ભાગો, સુરત અને નવસારીના ભાગોમાં પણ ભારે વરસાદની સંભાવના રહે.

## અનલોક-૧ના પ્રથમ સપ્તાહમાં રાજ્યમાં ૨૧૧ દર્દીઓનાં મોત

### ગુજરાતમાં માત્ર ૭ દિવસમાં ૩૩૦૩ કેસ : અમદાવાદ સહિત ગુજરાતમાં કન્ટેઈનમેન્ટ અને માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર મંદિરો, મોલ્સ, રેસ્ટોરાં ખુલ્યા

અમદાવાદ, તા. ૮

અનલોક-૧માં અમદાવાદ સહિત ગુજરાતભરમાં કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો છે. અનલોક-૧ના એક સપ્તાહ એટલે કે, ૧ થી ૭ જૂન દરમિયાન ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ કોરોનાના ૩૩૦૩ કેસ નોંધાયા છે. તેમજ ૨૧૧ દર્દીઓના મોત થયા છે. જણાવી દઈએ કે, આજથી અમદાવાદ સહિત ગુજરાતભરમાં કન્ટેઈનમેન્ટ અને માઈક્રોકન્ટેઈનમેન્ટ ઝોનની બહાર ધાર્મિક સ્થળો, મોલ્સ, ઓફિસો, રેસ્ટોરાં ખૂલી ગયા છે. તેવામાં આગામી દિવસોમાં હવે કોરોના કેટલો હાહાકાર મચાવશે તે જોવું રહ્યું. ચાલુ મહિને અત્યાર સુધી કોરોનાના કેસોમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. પરંતુ રાહતની વાત એ પણ છે કે, ૧ થી ૭ જૂન દરમિયાન ૮૬૧, ૧૧૧૪, ૩૧૮, ૪૫૫, ૩૪૪, ૩૧૩ અને ૩૧૯ મળી કુલ ૩૮૨૫ દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે ગયા છે. આ સાથે અત્યાર સુધી કુલ ગુજરાતમાં અલગ-અલગ જિલ્લામાંથી ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૧૩૬૪૩૫૨ પહોંચી છે.

ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૪૮૦ નવા કેસ નોંધાયા છે અને વધુ ૩૦ દર્દીઓના મોત નીપજ્યા છે. જેથી હવે ગુજરાતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૨૦૦૯૭ થઈ છે. ૨૪ કલાકમાં ગુજરાતમાં અમદાદમાં ૩૧૮, સુરતમાં ૬૪, વડોદરમાં ૩૫, ગાંધીનગરમાં ૧૯, અરવલ્લી અને કચ્છમાં ૧-૧, વલસાડમાં ૨, દાહોદ અને નવસારીમાં ૧-૧, મહેસાણા અને બનાસકાંઠામાં ૬-૬ પાટણમાં પાંચ, ખેડા અને સુરેન્દ્રનગરમાં ૪-૪, રાજકોટ અને આણંદમાં ૩-૩. ભાવનગર અને ભરૂચમાં ૨-૨ અને અમરેલીમાં પણ ૧ કેસ નોંધાતા કુલ ૪૮૦ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૫૨૦૫ છે. જેમાંથી ૫૧૩૮ની સ્થિતિ સ્ટેબલ છે જ્યારે ૬૭ દર્દીઓને વેન્ટીલેટર સપોર્ટ આપવામાં આવ્યો છે.

### કયા દિવસે કેટલા કેસ-મોત

| તારીખ | કેસ | મોત |
|---|---|---|
| ૧ જૂન | ૪૨૩ કેસ | ૨૫ મોત |
| ૨ જૂન | ૪૧૫ કેસ | ૨૯ મોત |
| ૩ જૂન | ૪૮૫ કેસ | ૩૦ મોત |
| ૪ જૂન | ૪૯૨ કેસ | ૩૩ મોત |
| ૫ જૂન | ૫૧૦ કેસ | ૩૫ મોત |
| ૬ જૂન | ૪૯૮ કેસ | ૨૯ મોત |
| ૭ જૂન | ૪૮૦ કેસ | ૩૦ મોત |



**પ્રાંતિજના કન્ટેઇનમેન્ટ ઝોનની સોનલબા પઢેરીયાએ લીધી મુલાકાત**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તપોધન ફડી, દેસાઈની પોળ અને વ્હોરવાડ ખાતે કોરોના પોઝિટિવ એક એક કેસો આવતાં પ્રાંતિજમા કુલ-૩ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે. તો વ્હોરવાડ કન્ટેઈનમેન્ટ ઝોન ખાતે પ્રાંતિજ-તલોદના નાયબ કલેક્ટર સોનલબા પઢેરીયા દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોનની સ્થળ મુલાકાત લીધી હતી.

## પાલનપુરમાં નગરજનોને ત્રણ દિવસ સુધી ધરોઈ જૂથનુ પાણી નહીં મળે

### ટેકનિકલ ખામીને લીધે ધરોઇ આધારિત પાણી પુરવઠો બંધ રહેશે

પાલનપુર

પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં રહેતા નગરજનોને ધરોઈ આધારિત પાણી પુરવઠો ટેકનિકલ ખામીને લીધે ત્રણ દિવસ સુધી બંધ રહેવાનો હોવાની જાહેરાત કરવામાં આવી છે. અને નાગરિકોને અગાઉથી પીવાના પાણીનો સંગ્રહ કરી રાખવા જણાવવામાં આવ્યું છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર શહેરમાં પણ ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પીવાના પાણીની સમસ્યા સર્જાઇ છે. ધરોઈ જૂથનું પાણી ટેકનીકલ ખામીને લીધે બંધ થવાથી અગાઉ પણ ટેન્કરોથી પાણી મંગાવવાની નોબત આવી હતી. જો કે ફરીથી આગામી તા.૯ જૂન મંગળવારથી તા.૧૧ જૂન ગુરૂવાર સુધી દરરોજ આધારિત પાણી પુરવઠો બંધ રહેનાર હોઈ નાગરિકોને અગાઉથી પીવાના પાણીનો સંગ્રહ કરી રાખવા માટે વિનંતી કરવામાં આવી છે. આમ પાલનપુરના નગરજનોને ફરી ત્રણ દિવસ સુધી ધરોઈ જૂથ આધારિત પાણી પુરવઠો બંધ રહેતાં ધરોઈનુ પાણી મળી શકશે નહીં.

## મોડાસા ટાઉન પોલીસ અને ભિલોડા પોલીસની આંખ નીચે ચાલતા વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલો મોટા પ્રમાણમાં ધમધમી રહ્યો છે જીલ્લા પોલીસતંત્ર બુટલેગરો સામે કાર્યવાહી કરવામાં પનો ટૂંકો પડી રહ્યો હોય તેમ જીલ્લામાં સમયાંતરે સ્ટેટ મોનીટરીંગ સેલ રેડ કરી વિદેશી દારૂ ઝડપી પાડી રહી છે સ્ટેટ મોનીટરીંગ સેલે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં ગણેશપુરા (હજીરા) વિસ્તારમાં ધમધમતા દેશી-વિદેશી દારૂના અડ્ડા પર રેડ કરી રૂ.૬૨૮૦/-નો દારૂ જપ્ત કરી મહિલા બુટલેગરને ઝડપી પાડી હતી મહિલાનો પતિ ફરાર થઇ ગયો હતો જયારે ભિલોડાના મદારીવાસ (ગોવિંદ નગર) વિસ્તારમાં વિધવા મહિલા બુટલેગરના ઘરેથી ૧૯ હજાર થી વધુનો વિદેશી દારૂ મહિલાની ધરપકડ કરી મહિલાને વિદેશી દારૂ પહોંચાડતા રાજસ્થાન ઝાંઝરીના વસંત નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ગણેશપુરા (હજીરા), સર્વોદયનાગર (ડુંગરી), વિનાયક ટાંકી નજીક, કસ્બામાં દેશી-વિદેશી દારૂ અને ગાંજો-ચરસનું ધૂમ વેચાણ થતું હોવાની અને વિદેશી દારૂની હોમડિલિવરી થતી હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ગણેશપુરા (હજીરા) વિસ્તારમાં ઘરમાં જ ધમધમતા દેશી-વિદેશી દારૂના અડ્ડા પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ ત્રાટકી દેશી-વિદેશી દારૂ અને વોશ મળી કુલ રૂ.૬૨૮૦/- નો જથ્થો જપ્ત કરી સપના નરેશ પરમાર નામની મહિલા બુટલેગરને ઝડપી પાડી હતી મહિલાનો બુટલેગર પતિ નરેશ બાલુભાઈ પરમાર રફુચક્કર થઇ જતા સ્ટેટ મોનીટરીંગ સેલે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી આગળની તપાસ ટાઉન પોલીસને સુપ્રત કરતા ટાઉન પોલીસે નરેશ નામના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલે ભિલોડાના મદારીવાસ (ગોવિંદનગર) વિસ્તારમાં એક વિધવા મહિલા વિદેશી દારૂનો વેપલો કરતી હોવાની બાતમી મળતા ભિલોડા પોલીસને ઉંઘતી રાખી સ્ટેટ મોનીટરીંગ સેલે ત્રાટકી શોભનાબેન રામચરણ ખારવાના ખંડેર જેવા મકાનમાં સંતાડી રાખેલો વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૧૦૨ કી.રૂ.૧૯૭૬૮/- તથા રોકડ રકમ-૧૧૧૦૦ અને મોબાઈલ નંગ-૧ કી.રૂ.૫૦૦ મળી કુલ રૂ.૩૧૩૬૮/- નો જથ્થો જપ્ત કરી મહિલા બુટલેગરને ઝડપી પાડી મહિલાને વિદેશી દારૂનો જથ્થો પૂરો પાડતા રાજસ્થાનના ઝાંઝરીના વસંત નામના બુટલેગર સામે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## સમસ્ત બ્રહ્મ સમાજ હિંમતનગર એકમ દ્વારા ચીનમાં બનાવેલ વસ્તુઓનો બહિષ્કાર

સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીને કારણે આર્થિક મંદિર સહિત લાખો લોકોના મોત નિપજ્યા છે ત્યારે ચીન દ્વારા આ મહામારી ફેલાવવામાં આવી હોવાના અનેક પુરાવાઓ સમગ્ર વિશ્વ દ્વારા સાબિત કરવામાં આવ્યા આવી રહ્યા છે. સમગ્ર વિશ્વમાં પૂર્વના મહામારીને ફેલાવવા માટે એકમાત્ર ચીન દેશ જવાબદાર છે ત્યારે ચીનની બનાવટની તમામ વસ્તુઓનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરી રવિવારે હિંમતનગરના પંચદેવ મંદિર ખાતે હિંમતનગરના કાર્યકર્તાઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શપથ લઈને સ્વદેશી વસ્તુઓ અપનાવો અને ચીની બનાવટની તમામ વસ્તુઓનો બહિષ્કાર કરી દેશને આત્મનિર્ભર બનાવવાના લીધા હતા. આ પ્રસંગે લોકડાઉન દરમિયાન કોરોના મહામારી સામે સમાજને બચાવવા માટે પ્રશંસનીય કામગીરી કરનાર હિંમતનગર બ્રહ્મ સમાજના ૯૦થી વધુ કોરોના વોરીયર્સનું સન્માન કરાયું હતું. કોરોના મહામારી દરમિયાન સમાજ સેવા કરનાર બ્રાહ્મણ સમાજના શિક્ષકો, પોલીસ, તબીબ, પત્રકારો સહિત અન્ય મહાનુભવો કે જેમણે કોરોના પોતાના સ્વાસ્થ્યની પણ ચિંતા કરવાના બદલે સમાજની ચિંતા કરી જરૂરિયાતમંદ લોકોને શક્ય તેટલી તમામ આર્થિક, શૈક્ષણિક સહિતની તમામ જરૂરિયાતો પુરી પાડવાની સરાહનીય કામગીરી કરી હતી.

### ૭ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલા દર્દી અમદાવાદ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેણીનો રિપોર્ટ પણ ખાનગી લેબોરેટરીમાંથી પોઝિટિવ આવ્યો હતો.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ આજે મળ્યા છે. આ બંને દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. દહેગામ તાલુકા હરસોલી ખાતે એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવેલ છે. તેઓને સારવાર માટે ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૧૦૬ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં ક્વૉરોન્ટાઈન કરાયેલ લોકોની સંખ્યા ૧૧ હજારનો આંક પહોંચવામાં છે. હાલ ૧૦,૯૭૮ લોકોને ક્વૉરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૮ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ૫ પુરુષ દર્દી અને ૩ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

### મહારાષ્ટ્રમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૦૬૦ લોકો દમ તોડી ચૂક્યા છે. કુલ કેસ પૈકી ૩૯,૩૧૪ દર્દીઓ સ્વસ્થ થઈ ગયા છે જ્યારે ૪૩,૫૯૧ સક્રિય કેસ છે. બીજી તરફ કોરોના સંક્રમણ પર કાબૂ મેળવી લીધો હોવાનો દાવો કરનાર ચીનમાં પણ સંક્રમણના ૬ નવા કેસ સામે આવ્યા છે, પરંતુ ચીની સ્વાસ્થ વિભાગ મુજબ આ તમામ દર્દીઓ વિદેશોમાંથી કોરોના સંક્રમણ લઈને ચીન આવ્યા છે. ચીનમાં અત્યાર સુધી ૪૬૩૪ લોકો કોરોના સંક્રમણથી મૃત્યુ પામ્યા છે. બે મહિનાના લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨૫૬૬૧૧ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯૯૮૩ નવા કેસ સાથે કોરોનાનો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૮.૩૫ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૦૨ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૨૪૦૯૫ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૭૧૩૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૨૫૩૮૧ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૮૫૯૭૫ કેસ નોંધાયા છે જ્યારે ૩૦૬૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૬૬૭ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૬૯ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૨૭૬૫૪ કેસ નોંધાયા છે જ્યારે ૭૬૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૯૬૧૭ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૨૧૯ લોકોના મોત થયા છે.

## પોગલુ નજીકથી ઝડપાયેલા ચરસ પ્રકરણમાં એલસીબી દ્વારા વધુ બે શખ્સોની ધરપકડ

પ્રાંતિજ તાલુકાના ચંચળબાનગર પાસેના પોગલુ પાટીયા નજીકથી ૮ કિ.ગ્રા.થી વધુની ચરસના જથ્થાની હેરાફેરીમાં એસઓજીની ટીમે મૂળ હરિયાણાના રહીશ એક શખ્સને દબોચી લઈ રૂા.૧૨.૧૮ લાખથી વધુનો ચરસનો જથ્થો જબ્બે કર્યો હતો. ત્યારબાદ ચરસના પ્રકરણમાં સાબરકાંઠા એલસીબીએ હરિયાણાના વધુ બે શખ્સોની ધરપકડ કરી બંનેના કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ રીપોર્ટ નેગેટીવ આવતા કોર્ટમાં રજૂ કરી રીમાન્ડ માગતા તા.૯ જૂન સુધીના પોલીસ કસ્ટડી રીમાન્ડ પોલીસે મેળવી સમગ્ર પ્રકરણની વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લા એલસીબીના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર અઢી માસ અગાઉ ચંચળબાનગર પાસેના પોગલુ પાટીયા નજીકથી એસઓજીની ટીમે ૮ કિલો ૧૨૫ ગ્રામ રૂા.૧૨.૧૮ લાખથી વધુની કિંમતના ચરસના જથ્થા સાથે નવરંગભાઈ દુલીચંદભાઈ મીસ્ત્રી (રહે.૬૦ સેતુ બંગ્લોઝ પિપલોદી ગામ હિંમતનગર, મૂળ વતન પાલી, જિ.મહેન્દ્રગઢ, હરિયાણા) ને દબોચી લઈ રીમાન્ડ પર લીધો હતો. ત્યારબાદ ચરસના આ પ્રકરણની તપાસ પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલિકે જિલ્લા એલસીબીને સોંપતા જિલ્લા એલસીબીના પી.આઈ. વી.આર.ચાવડાના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમને સમગ્ર પ્રકરણની તપાસ સોંપાઈ હતી.

એલસીબીના પી.એસ.આઈ. બી.યુ.મુરીમા, એ.એસ.આઈ. સંજયભાઈ, પો.કો. પ્રહર્ષકુમાર, ચંદ્રસિંહ, કાળાજી સહિતની ટીમે હરિયાણાના ઝજ્જર જિલ્લામાંથી એલસીબીએ નવરંગ મીસ્ત્રીની રીમાન્ડ દરમિયાન પુછતાછ કરતા તેની પાસેથી કબજે કરાયેલો ચરસનો જથ્થો હરિયાણાના શખ્સોએ આપ્યો હોવાની કબૂલાત કરતા એલસીબીએ તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. નાર્કોટીકસના ગંભીર ગુનામાં સંડોવાયેલા અનિલકુમાર બળદેવભાઈ ઝાંગડા (રહે. સિલાનીકેશો, તા. જિ. ઝજ્જર, હરિયાણા) અને નવીન જયપાલસિંહ ધનખડ (જાટ) (રહે. કલોઈ, તા.જિ.ઝજ્જર, હરિયાણા) ને તા.૩ જૂન ૨૦૨૦ના રોજ અટક કરી હિંમતનગર લઈ આવી હતી. ત્યારબાદ એલસીબીએ બંને શખ્સોને હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ માટે મોકલી આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાવ્યા હતા, જ્યાં બંનેના કોરોના રીપોર્ટ નેગેટીવ આવતા અને સિવિલ હોસ્પિટલમાંથી રજા આપતા બંને શખ્સોને કોર્ટમાં રજૂ કરી રીમાન્ડની માગણી કરી હતી. પોલીસે બંને શખ્સોના તા.૯ જૂન ૨૦૨૦ સુધી પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવી નાર્કોટીકસના ગંભીર ગુનામાં ઝડપાયેલા હરિયાણાના બંને શખ્સોની વધુ તપાસ હાથ ધરી છે.

### એલસીબીએ ચરસ પ્રકરણમાં આઈ ટવેન્ટી ગાડી કબજે કરી

સાબરકાંઠા એલસીબીએ પોગલુના ચરસ પ્રકરણમાં નવરંગ મીસ્ત્રીની પુછતાછ દરમિયાન તેને ચરસનો આ જથ્થો અનિલકુમાર ઝાંગડા અને નવીન ધનખડે આઈટવેન્ટી ગાડી નં.એચઆર.૮૯.૦૯૪૧માં આપ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે તે વાહન પણ કબજે લઈ તપાસ હાથ ધરી છે.

### પાછા મોકલ્યા...● અનુસંધાન પહેલાનું ચાલુ

જોવા મળી રહ્યો છે. સૈફ અને કરીના મરીન ડ્રાઈવ પરના સ્લેબ પર ઊભા છે અને સમુદ્રનાં ઊછળતાં મોઝાંની મજા લઈ રહ્યા છે. દરમિયાનમાં વીડિયોમાં પોલીસનો અવાજ પાછળથી સંભળાય છે. પોલીસ અધિકારી તેમને કહી રહ્યા છે - નાના બાળકોને બહાર ન લાવો. પોલીસની વાત સાંભળ્યા પછી સૈફ અલી ખાન પણ આ અંગે પ્રતિક્રિયા આપતો નજરે પડે છે. સૈફ પોલીસની સુચના સાંભળતાની સાથે જ કરીના અને બાળક સાથે ઘરે જવા રવાના થયો હતો. લોકડાઉન પછી, ઘણા સ્ટાર્સ જોગિંગ અને વોકિંગ માટે ઘરની બહાર આવ્યા હતા.

### વાવાઝોડુ 'ગતિ'...● અનુસંધાન પહેલાનું ચાલુ

જેના અંતર્ગત વિભાગે ઓડિશાના અનેક જિલ્લાના માટે સોમવારથી ૧૦મી જૂન સુધી યલો વૉર્નિંગ અને અન્ય કેટલાક જિલ્લા માટે ૧૧મી જૂન સુધી ઓરેન્જ એલર્ટ જારી કર્યુ છે. આ ઉપરાંત કોલકત્તા અને દક્ષિણ બંગાળના કેટલાક જિલ્લાઓમાં રવિવારે બપોર પછી મધ્યમકક્ષાનો વરસાદ થયો હતો. જેનાથી લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી હતી. વરસાદના કારણે મહાનગરના નિચાણના વિસ્તારોમાં વરસાદી પાણી આફતરૂપ બન્યા હતા.

### ફુટબોલર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૭૩ દિવસથી રહેતો હતો. જોકે બે દિવસ અગાઉ મહારાષ્ટ્રના પ્રધાન આદિત્ય ઠાકરે અને ઘાના એમ્બેસીની મદદથી તેને હોટેલમાં રોકાણ મળ્યું હતું અને તેને વતન પહોંચાડવાનું વચન આપવામાં આવ્યું હતું. મુલરે જણાવ્યું કે પોલીસે એરપોર્ટની બહાર કાઢી મૂક્યો ત્યારે પહેલા તો તે સમજી શકતો ન હતો કે તેણે શું કરવું. કેરળ પરત જઈ શકે તેમ ન હતો. ટ્રેન બંધ થઈ ગઈ હતી.